| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૪–૦૧–૨૦૨૫ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૪–૦૧–૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | : | ૦૧–૦૪–૨૦૨૬ | | |
| સમયગાળો | : | <u>વર્ષ</u> | <u>માસ</u> | <u>દિવસ</u> |
| | | | | |

**જામજોધપુરના મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટમાં,**
**મુ.જામજોધપુર.**

**<u>ફોજદારી કેસ નં. ૬/૨૦૨૫</u>**

**<u>આંક : ૧૫</u>**

**<u>ફરિયાદી</u> :–** શ્રી સરકાર

(શેઠ વડાળા પો.સ્ટે. ફર્સ્ટ ૧૧૨૦૨૦૧૩૨૪૦૨૫૨/૨૪)

**વિ....રુ....ધ્ધ**

**<u>આરોપીઓ</u> :–** કીશનભાઇ જીતેન્દ્રભાઇ જોષી
જાતે બ્રાહમણ ઊ.વ. ૩૦ ધંધો ખેતી
રહેવાસી શેઠવડાળા ગામ
તા.જામજોધપુર જી.જામનગર

---

**ગુન્હો:** ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબ

---

ફરીયાદ પક્ષ તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી એસ.યુ.બાબી
આરોપીઓ પક્ષ તરફે વિધ્વાન વકીલ શ્રી એન.એચ.લાલાણી

---

## -: ચુ કા દો :-

૧- ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઈ ૧૯/૦૯/૨૦૨૪ ના રાત્રીના આશરે અગીયારેક વાગ્યાની આસપાસ ફરીયાદી શેઠવડાળા ગામે રહેતા સદામહુશેન મહમદ બુખારીના ઘરે તેમના ભાઈ સીકંદરનો દીકરો શાહનવાઝ મરણ ગયેલ હોય અને તેનુ બેસણુ રાખેલ હોય તેમા બેસણામાં સાહેદો સાથે ગયેલ હોય ત્યારે પાછળથી ત્યાં આરોપી તથા હુસેનભાઈ નુરમામદભાઈ ઉઢેજા સાથે ત્યાં આવેલ અને ફરીયાદીને કહેલ કે, શેઠવડાળા ગામની વચ્ચે આવેલ દરબાદર ગઢની હરાજી કરી વહેંચી નાખવો છે જો તેમા તુ કાઈ પણ બૌલીસ તો તને જાનથી મારી નાખીસ તેમ કહીને ફરીયાદીને ભુંડી ગાળો કાઢવા લાગેલા જેથી ફરીયાદીએ તેઓને ગાળો કાઢવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીને શરીરે આડેધડ ઢીકા-પાટુ નો માર મારવા લાગેલ અને સહ આરોપીએ પકડી રાખી ગુનો કરતા તપાસના કામે સાહેદોના નીવેદનો લેતા તેમજ ફરીયાદીના વિશેષ નીવેદન લેતા તેઓએ જણાવેલ કે મારામારી દરમ્યાન પોતાનો શર્ટ માથા ઉપર આવી ગયેલ હોય જેથી આરોપી નં-૨ વાળા હુસેનભાઈ ઉઢેજાનુ નામ આફરીયાદમાં લાખાવેલ હોય અને પોતાને તેઓએ માર મારેલ નથી કે પકડી રાખેલ નથી જેથી આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ- ૧૧ ૫(૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો કરેલ છે.

ઉપર મુજબની વિગતે આરોપી વિરુધ્ધ શેઠ વડાળા પો.સ્ટે. ફર્સ્ટ ૧૧૨૦૨૦૧૩૨૪૦૨૫૨/૨૪ હેઠળ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો નોંધાયેલ. સદર ગુનો નોં ધાતા તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા તેઓ વિરુધ્ધ અત્રેની અદાલતમાં ભારતીય ન્યાય સં હીતા ૨૦૨૩ ની કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

૨– હાલના આરોપી વિરુધ્ધ ચાર્જશીટ રજૂ થતાં આરોપીને કોર્ટમાં હાજર થવા સમન્સ કાઢવામાં આવેલ. ત્યારબાદ આરોપી હાજર થતાં તેઓને બી.એન.એસ.એસની કલમ – ૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામૂલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ, ઉપરોકત ગુના સબબ આંક–૦૫ થી તહોમતનામુ ફરમાવી તથા આરોપીની આંક–૦૬ ની પ્લી રેકડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

૩– ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો કેસ પુરવાર કરવા, તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| સાહેદ નંબર | સાહેદનું નામ/વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી– સુરેશભાઇ કરમસીભાઇ ડઢાણીયા ની જુબાની | ૦૮ |
| ૨. | સાહેદ રફીકભાઇ વલીમામદ ઉઢેજાની જુબાની | ૧૦ |
| ૩. | સાહેદ રમેશભાઇ બાબુભાઇ લાલકીયાની જુબાની | ૧૧ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| અનુક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૯ |
| ૨ | બનાવવાળી જગ્યાનુ પંચનામું | ૧૨ |
| ૩ | પુરાવો પુરો થયાની પુરશીશ | ૧૩ |

ફરીયાદપક્ષ તરફે રજૂ થયેલ સમગ્ર પુરાવો પ્રથમ દર્શનીય રીતે લક્ષમાં લેતા આરોપીઓનું બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબ

વિશેષ નિવેદન નોંધવા માં આવેલ જેમ આરોપીએ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે તે સીવાય પોતાના બચાવ માટે વિશેષ કોઈ લેખીત માખિક પુરાવા રજુ રાખેલ નથી.

ત્યારબાદ આ કામે સરકારપક્ષે એપીપીશ્રી તથા આરોપી પક્ષે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે.

૪- સદરહુ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ ૧૯/૦૯/૨૦૨૪ ના રાત્રીના આશરે અગીયારેક વાગ્યાની આસપાસ ફરીયાદી શેઠવડાળા ગામે રહેતા સદામહુશેન મહમદ બુખારીના ઘરે તેમના ભાઈ સીકંદરનો દીકરો શાહનવાઝ મરણ ગયેલ હોય અને તેનુ બેસણુ રાખેલ હોય તેમા બેસણામાં સાહેદો સાથે ગયેલ હોય ત્યારે પાછળથી ત્યાં આરોપી તથા હુસેનભાઈ નુરમામદભાઈ ઉઢેજા સાથે ત્યાં આવેલ અને ફરીયાદીને કહેલ કે, શેઠવડાળા ગામની વચ્ચે આવેલ દરબાદર ગઢની હરાજી કરી પૈચી નાખવો છે જો તેમા તુ કાઈ પણ બૌલીસ તો તને જાનથી મારી નાખીસ તેમ કહીને ફરીયાદીને ભુંડી ગાળો કાઢવા લાગેલા જેથી ફરીયાદીએ તેઓને ગાળો કાઢવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયેલ અને ફરીયાદીને શરીરે આડેધડ ઢીકા-પાટુ નો માર મારવા લાગેલ અને તેમ કરી આરોપીએ ભારતીય ન્યાય સં હીતા ૨૦૨૩ ની કલમ-૧૧૫ (૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

૫– ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણોને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

૬– આ કામે ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે ઉપર પુરાવાના લીસ્ટમાં જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા છે.

૬.૧– ફરીયાદપક્ષે સૌપ્રથમ તપાસવામાં આવેલ ફરીયાદી **સુરેશભાઈ કરમસીભાઈ ડઢાણીયા** નાઓએ **આંક–૦૮** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આજથી આશરે બે વરસ પહેલા બનેલો. તેઓના ગામના સદામ હુશેન મહમદભાઈ બુખારીનો દિકરો ગુજરી ગયેલ હોય જેથી તેને ત્યાં બેસણામાં ગયેલ હતા. ત્યાં બીજા ઘણાં માણસો હાજર હતા. અમારા ગામના કિશનભાઈ જીતેન્દુભાઈ જોશી પણ ત્યાં હાજર હતા. તેમને કિશન જીતેન્દુભાઈ જોશીએ કહેલ કે આપણા ગામમા દરબારગઢમાં આવેલ જગ્યા હરરાજીથી વેચી નાખવાની છે તે બાબતે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને વ્યકિતઓનું ટોળુ ભેગુ થઇ જતા ધકકા મુકકી થવાથી પડી જવાથી તેમને ઈજા થયેલી. મનદુ:ખના કારણે તેઓએ ફરીયાદ આપેલી. તેમ જણાવી આંક ૯ થી ફરીયાદ રજુ રાખેલ છે અને આરોપી તેઓના ગામના છે તેવું જણાવેલ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા તેઓએ સમતુલન ગુમાવતા પડી ગયેલ.

તેમને કોઇએ માર મારેલ નથી કે કોઇ જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ભુંડી ગાળો આપેલ નથી. તેમને આરોપીએ કોઇ ધમકી આપેલ નથી. તેઓ હાલ તે જ જગ્યાએ રહે છે અને પોતાનુ કામકાજ કરે છે. હાલના બનાવ બાદ આરોપી સાથે કોઇ અન્ય બનાવ બનેલ નથી.

૬.૨– ફરીયાદપક્ષે સાહેદ **રફીકભાઈ વલીમામદ ઉઢેજ** નાઓએ **આંક– ૧૦** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામભાઈનો દિકરો ગુજરી જતા તેમને ત્યાં બેસવા માટે ગયેલ ત્યાં તેઓના ગામના બીજા લોકો પણ હાજર હતા. ત્યાં કિશન જીતેન્દ્ર જોશી તથા તેઓ ત્યાં ગયેલો ત્યાં જીતેન્દ્રભાઇ જોશી તથા સુરેશભાઈ ડઢાણીયા પણ હાજર હતા. તેઓની વચ્ચે દરબારગઢની હરરાજીને લઇને સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. આરોપી તેઓના ગામના હોય જેથી તેઓને ઓળખે છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા ફરીયાદી સમતુલન ગુમાવતા પડી ગયેલ. ફરીયાદીને માર મારેલ નથી. ફરીયાદીને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. ફરીયાદી હાલ તે જ જગ્યાએ રહે છે અને કામકાજ કરે છે. હાલના બનાવ બાદ ફરીયાદીને આરોપી સાથે કોઈ અન્ય બનાવ બનેલ નથી.

૬.૩– ફરીયાદપક્ષે સાહેદ **રમેશભાઈ બાબુભાઈ લાલકીયા** નાઓએ **આંક–૧૧** ની સોંગદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવ આશરે બે વર્ષ પહેલા બનેલો. તેઓના ગામના સદામભાઈનો દિકરો ગુજરી જતા તેમને

ત્યાં બેસવા માટે ગયેલ ત્યાં તેઓના ગામના બીજા લોકો પણ હાજર હતા. ત્યાં કિશન જીતેન્દ્ જોશી તથા તેઓ ત્યાં ગયેલો ત્યાં જીતેન્દભાઇ જોશી તથા સુરેશભાઈ ડઢાણીયા પણ હાજર હતા. તેઓની વચ્ચે દરબારગઢની હરરાજીને લઇને સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલ હોય તેવુ તેમને હાલ યાદ નથી. આરોપી તેઓના ગામના હોય જેથી તેઓને ઓળખે છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા એ વાત કબુલ કરે છે કે, આરોપી અને ફરીયાદી વચ્ચે પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી થયેલ. સામાન્ય બોલાચાલી થતા જપાજપી થતા ફરીયાદી સમતુલન ગુમાવતા પડી ગયેલ. ફરીયાદીને માર મારેલ નથી. ફરીયાદીને આરોપીએ કોઈ ધમકી આપેલ નથી. ફરીયાદી હાલ તે જ જગ્યાએ રહે છે અને કામકાજ કરે છે. હાલના બનાવ બાદ ફરીયાદીને આરોપી સાથે કોઈ અન્ય બનાવ બનેલ નથી.

૭– ઉપરોક્ત પુરાવા રજુ થયા બાદ બચાવપક્ષની સમંતિથી આંક–૧૨ થી બનાવવાળી જગ્યાનું પંચનામું રજુ રાખી ત્યારબાદ ફરીયાદપક્ષ દ્બારા આંક–૧૩ થી ક્લોઝીંગ પુરશીશ રજુ રાખી વધુ કોઈ પુરાવા આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. જેથી આ કામે વશિષ કોઈ પુરાવા નોંધવામાં આવેલ નથી.

૮– આમ, આ કામે રેકર્ડ પર આવેલ મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો સૌપ્રથમ આંક–૮ થી તપાસવામાં આવેલ આ કામના ફરીયાદીનો સોગંદપરનો પુરાવો ધ્યાને લેતા તેઓએ પોતાનો પુરાવા બનાવ આશરે બે વર્ષ પહેલાં બનેલ હોવાનું અને તેઓના ગામના સદામ હુશેનભાઈ બુખારીનો દિકરો ગુજરી જતાં ત્યાં બેસણામાં ગયેલ હતાં અને ત્યાં બીજા ધણાં માણસો હાજર હતાં અને તેઓના ગામના

કિશનભાઈ જીતેન્દ્રભાઈ જોષી એટલે કે, હાલના આરોપી પણ ત્યાં હાજર હતા અને કિશનભાઈએ તેઓને કહેલ કે, આપણા ગામમાં દરબાદગઢમાં આવેલ જગ્યાં હરાજીથી વહેંચી નાખવાની છે તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલી અને વ્યક્તિઓનું ટોળુ ભેગુ થતાં ધક્કામુક્કી થવાથી પડી જવાથી તેઓને ઈજા થયેલી જેથી તે મનદુખ:ના કારણે હાલની ફરીયાદ આપેલ હોવાનું જણાવી આંક–૯ થી રજુ ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી આ કામે રજુ રાખેલ છે. આમ સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસની હકિકતોને અનુરૂપ પુરાવો રજુ ન રાખતાં એ.પી.પી.શ્રીની મૈખિક વિનંતીથી તેઓને વિમુખ થયેલા જાહેર કરી ઉલ્ટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછવાં છતાં ફરીયાદપક્ષના કેસની હકિકતોને અનુરૂપ પુરાવો રજુ રાખેલ નહીં. ઉલ્ટાનું પોતાની ઉલ્ટતપાસમાં પણ આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું અને બોલાચાલી દરમિયાન સંતુલન ગુમાવતા પડી ગયેલ હોવાનું અને તેઓને કોઇ માર મારેલ હોવાનું કે, જાનથી મારી નાખવાની ધમકી કે ભુંડી ગાળો આપેલ ન હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે. જેથી સદર ફરીયાદીના પુરાવાથી આંક–૯ થી રજુ ફરીયાદની હકિકતો પુરવાર થતી નથી.

૯– આ કામે ફરીયાદપક્ષે કરેલ પુરાવાની વધુમાં ચર્ચા કરીએ તો ફરીયાદપક્ષ દ્વારા આંક–૧૦ તથા આંક–૧૧ થી તપાસવામાં આવેલ સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ પણ ફરીયાદી અને આરોપી વચ્ચે દરબારગઢની હરાજીને લઈને સામાન્ય બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે. જેથી આ બંન્ને સાહેદોને પણ એ.પી.પી.શ્રીની મૈખિક વિનંતીથી વિમુખ થયેલા જાહેર કરી ફરીયાદપક્ષને ઉલ્ટતપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં કોઈ ફળદાયી ફરીયાદની હકિકતને અનુરૂપ પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી. ઉલ્ટાનું સદર બંન્ને સાહેદોએ પણ પોતાની ઉલ્ટતપાસમાં ફરીયાદીને આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલ

હોવાનું અને બોલાચાલી દરમિયાન ફરીયાદી સંતુલન ગુમાવતા પડી ગયેલ હોવાનું અને તેઓને કોઇ માર મારેલ હોવાનું કે, જાનથી મારી નાખવાની ધમકી કે ભુંડી ગાળો આપેલ ન હોવાની હકિકતનો સ્વીકાર કરેલ છે. આમ, મહત્વના કઈ શકાય તેવા ફરીયાદી તથા બનાવના સ્થળે હાજર સાહેદોનો પુરાવો ધ્યાનેલેતાં એવી કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી કે જેથી પુરવાર થાય કે આરોપીએ તેમની સામેનો આક્ષેપીત ગુનો કરેલ છે. જેથી આરોપીએ ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨),૩૫૨, ૩૫૧ (૩) મુજબનો કરેલ હોવાનુ ફરીયાદીએ સોગંદ પરના પુરાવાથી શંકાથી પર પુરવાર થતુ નથી.

આમ, ફરીયાદ પક્ષ તરફે રજૂ થયેલ ઉપરોકત તમામ પુરાવા લક્ષમાં રાખતાં આ ગુનાના કામે હાલના આરોપીને કસુરવાર ઠરાવી શકાય એવો કોઈ સ્પષ્ટ, સચોટ અને સંતોષકારક પુરાવો જણાઈ આવેલ ન હોઈ ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ ઉપરોકત **મુદા નં.૧** નો નિર્ણય '**નકાર**' માં આપી મુદા નં.ર પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## –: હુ ક મ :–

૧. આ કામના આરોપી કીશનભાઈ જીતેન્દ્રભાઇ જોષી જાતે બ્રાહમણ ઊ.વ. ૩૦ ધંધો ખેતી રહેવાસી શેઠવડાળા ગામ તા.જામજોધપુર જી.જામનગર નાઓને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ અન્વયે ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની ભારતીય ન્યાય સંહીતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૨, ૩૫૧ (૩) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાંથી

નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

૨. આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ અન્વયે ૬ (છ) મહિનાના સમયગાળા માટેના રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ : ૦૧[લી], માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર,
તારીખ : ૦૧–૦૪–૨૦૨૬

( નરેશકુમાર રમેશભાઈ ગોહેલ )
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફ.ક.,
જામજોધપુર.
જજ કોડ : જીજે–૦૧૫૮૪.